વર્ષ : ૯૦, અંક: ૨૯૭
પાના : ૧૨
કિંમત : ₹ ૨-૫૦
☎ ૨૪૪ ૪૬ ૧૧-૨-૩-૪
ફેકસ : (તંત્રી) ૦૨૮૧ ૨૪૭ ૯૪ ૪૪
(જા.ખ.) ૦૨૮૧ ૨૪૭ ૫૬ ૯૬

શતાબ્દી ભણી આગેકૂચ ૯૦ વર્ષ ૧૯૨૧-૨૦૧૦

// જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી //

# ફૂલછાબ

PHULCHHAB Dt. 30-7-2011 SATURDAY RAJKOT

website : http://janmabhoominewspapers.com/phulchhab અષાઢ વદ-૦)), શનિવાર email: phulchhab@yahoo.com




કસાબે ફાંસીને સુપ્રીમમાં પડકારી

(ચોથા પાને)



સ્વરના અભિનેતાને શ્રદ્ધાંજલિ

(સાતમા પાને)



ડેઈલી એકસપ્રેસ

હિના રબ્બાની ખાર, ખુદા ખૈર કરે...

(છઠ્ઠા પાને)



બીજો ટેસ્ટઃ ઈંગ્લેન્ડ ૨૨૧ રનમાં ઓલઆઉટ

(ચોથા પાને)



યેદીયુરપ્પા અને પક્ષ વચ્ચે ઘર્ષણના એંધાણ

(ચોથા પાને)

## હવામાન

| તાપમાન | | હવામાં ભેજ | |
|---|---|---|---|
| ગુરુતમઃ | ૩૧.૭ ડિગ્રી | સવારેઃ | ૮૯ ટકા |
| લઘુતમઃ | ૨૪.૬ ડિગ્રી | સાંજેઃ | ૮૬ ટકા |

## ન્યૂઝ ફલેશ

### બાલકૃષ્ણની ધરપકડ સામે સ્ટે

નૈનિતાલ,તા.૨૯(પી.ટી.આઇ.):ઉત્તરાખંડ હાઈકોર્ટે શુક્રવારે બાબા રામદેવના સહયોગી બાલકૃષ્ણની સંભવિત ધરપકડ પર સ્ટે મૂકી દીધો છે.નોંધનીય છે કે નકલી દસ્તાવેજોના આધારે પાસપોર્ટ બનાવવાના અને નકલી ડિગ્રીઓના મામલામાં સીબીઆઈએ બાલકૃષ્ણને હાજર થવાનો આદેશ આપ્યો હતો. પણ તેઓ સીબીઆઈ સમક્ષ હાજર ન થતા હવે તેમને હાજર થવા માટે ૪ ઓગસ્ટ સુધીનો સમય આપવામાં આવ્યો છે. છેલ્લા કેટલાંક દિવસોથી બાલકૃષ્ણ અલોપ થઇ ગયા હોવાના સમાચાર સાંભળવા મળી રહ્યા છે.

### અવળી આંખે

અશોક અદેપાલ





સાંભળ્યું... કલમાડી કહે છે હું 'પાગલ' નથી !

# અનશન માટે અણ્ણા અડગ



## જંતરમંતર ખાતે પરવાનગી આપવા નકારતાં પોલીસે દિલ્હીની ભાગોળે અને ચોક્કસ મુદ્દતના ઉપવાસની શરત મુકી



### કલમ ૧૪૪ લગાડાય તો સુપ્રીમ સુધી લડી લેવા હઝારેની તૈયારી

■ **આનંદ કે. વ્યાસ**

નવીદિલ્હી, તા.૨૯: સરકારે અણ્ણા હઝારે સામે લડાયક વલણ અપનાવ્યું છે એ હવે નિશ્ચિત થઈ ગયું છે. અણ્ણા હઝારે અનશન પર ઊતરી જશે એ વાતની ખબર હોવા છતાં સરકાર લોકપાલ ખરડા અંગેની અણ્ણાની માગણીઓ સામે ઝૂકી ગઈ નથી અને શુક્રવારે સરકારે અણ્ણા હઝારેને નવી દિલ્હીના તેમની પસંદગીના સ્થળ જંતરમંતર ખાતે ૧૬મી ઑગસ્ટથી ઉપવાસ પર જવાની છૂટ આપી નથી. આમ સરકારે અણ્ણા હઝારેના ઉપવાસ કે તેમની પસંદગીના વિરોધ માટેના સ્થળને કોઈ મહત્ત્વ આપ્યું નથી.

અત્રે એ યાદ રહે કે, એપ્રિલ મહિનામાં અણ્ણા હઝારે જંતરમંતર ખાતે અનશન પર ઊતર્યા હતા અને સરકારને ઝૂકી જવાની ફરજ પડી હતી, પરંતુ અનશન માટેના સ્થળ અંગે અણ્ણાને કોઈ ચિંતા નથી તેઓ ઉપવાસ કરવા માટે મક્કમ છે.

અણ્ણા હઝારે ઉપવાસ પર જાય છે તેને હજી બે સપ્તાહની વાર છે ત્યારે અણ્ણા હઝારેની ટીમને થોડી આશા બંધાઈ છે. કારણકે સરકારે એવું કહ્યું છે કે, જેઓ લોકપાલ ખરડાની મંજૂરી અંગે સંતુષ્ટ નથી તેઓ સંસદની સ્થાયી સમિતિનો સંપર્ક સાધીને ફેરફારો માટે રજૂઆત કરી શકે છે.

કેન્દ્રીય પ્રધાન કપિલ સિબલે જણાવ્યું હતું કે સ્થાયી સમિતિ પ્રત્યેક પગલાંમાં સંસદનું પ્રતિનિધિત્વ કરે છે. એટલે અમને મળેલાં સૂચનો અંગે સરકારને ભલામણ કરશું અને સરકાર ત્યાર બાદ કાં તો એ સૂચનને સ્વીકારશે કે તેનો અસ્વીકાર કરશે કે તેને અંશતઃ સ્વીકારશે કે અસ્વીકાર કરશે અને ત્યાર બાદ ફરીથી સંસદમાં પસાર કરવા માટે ખરડાને રજૂ કરવામાં આવશે.

સરકારની આ એક વ્યૂહાત્મક ચાલ છે કારણકે એક તરફ તે અણ્ણા હઝારેની દરખાસ્તને ફગાવી **(જુઓ પાનું ૧૦)**

# સંજીવ ભટ્ટની અરજી ઉપર કેન્દ્ર, રાજ્યને સુપ્રીમની નોટિસ

## કોમી તોફાનોની તપાસ સીબીઆઇ કે અન્ય રાજ્યને સોંપવાની માગણી

નવીદિલ્હી, તા.૨૯ (પી.ટી.આઇ.): ગુજરાતના કોમી તોફાનોની તપાસ સીબીઆઇ અથવા તો અન્ય રાજ્યની પોલીસ પાસે કરાવવાની માગણી કરતી આઇપીએસ પોલીસ અધિકારી સંજીવ ભટ્ટની અરજી ઉપર સુપ્રીમ કોર્ટ તરફથી ગુજરાત અને કેન્દ્ર સરકારને નોટિસ જારી કરવામાં આવી છે. ગુજરાત બહાર કેસ ટ્રાન્સફર કરવાની માગણી કરતી આ અરજી અંગે પોતાનો પ્રત્યુત્તર આપવા માટે રાજ્ય અને કેન્દ્ર સરકારને ૪ સપ્તાહનો સમય સર્વોચ્ચ અદાલત દ્વારા આપવામાં આવ્યો છે. આ કેસની સુનાવણી હવે પછી ૮ ઓગસ્ટે નિશ્ચિત કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે એપ્રિલમાં ભટ્ટે મુખ્યમંત્રી નિવાસસ્થાને ૨૭મી ફેબ્રુઆરીના રોજ યોજાયેલી બેઠકમાં પોતે ઉપસ્થિત હોવાનો દાવો કર્યો હતો અને આ બેઠકમાં જ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વિવાદાસ્પદ આદેશો ટોચના અધિકારીઓને આપ્યા હોવાનો આક્ષેપ ભટ્ટે કર્યો હતો. આ ઉપરાંત ભટ્ટે સીટ દ્વારા પક્ષપાતી વલણ અપનાવવામાં આવતું હોવાની ફરિયાદ પણ કરી હતી.

## નરકંકાલ કાંડમાં તિસ્તા સેતલવાડ સામે ફોજદારી કાર્યવાહીને સુપ્રીમની રોક



### લુણાવાડા પોલીસ સ્ટેશનમાં સેતલવાડ હાજર થઇ: ગામમાં તંગદિલી

નવીદિલ્હી, વડોદરા તા.૨૯: કોમી તોફાનો બાદ પાંડરવાડામાં દફનાવી દેવામાં આવેલા મૃતદેહો ખોદી કાઢવાનાં પ્રકરણમાં કથિત ભુમિકા બદલ સામાજિક કાર્યકર તિસ્તા સેતલવાડ વિરુદ્ધ ફોજદારી કાર્યવાહી સામે સુપ્રીમ કોર્ટ દ્વારા સ્ટે આપવામાં આવ્યો છે.

સેતલવાડ સુપ્રિમ કોર્ટના સ્ટે સાથે લુણાવાડા પોલીસ મથકમાં હાજરી આપતા પહેલા મોટી સંખ્યામાં સમર્થકો સાથે રેલી પરવાનગી વગર કાઢી હતી. ગામમાં તંગદીલીનું વાતાવરણ ફેલાઇ ગયું હતું. લાંબા સમયથી પોલીસ સમક્ષ હાજર રહેતી ન હતી અને પોલીસ તપાસમાં સહકાર આપતી ન હતી.

પોતાની સામેનો કેસ રદબાતલ કરવાની માગણી ઉપર ન્યાયમૂર્તિ **(જુઓ પાનું ૧૦)**

# પ્યુજો, બજાજ પણ કાર પ્લાન્ટ સ્થાપવા આતુર

■ **હૃષિકેશ વ્યાસ**

ગાંધીનગર,તા.૨૯: ગુજરાત છેલ્લા એક દશકમાં ભારતમાં સૌથી વધુ ઔદ્યોગિક રોકાણ ધરાવતા રાજ્યનું ગૌરવ ધરાવતું થયું છે અને હવે તો ગુજરાત વિશ્વના સૌથી ઉત્તમ મૂડીરોકાણ માટેના સ્થળ તરીકે માન્ય બન્યું છે. જનરલ મોટર્સ બાદ અમેરિકાની વિખ્યાત ફોર્ડ કંપનીએ પણ પોતાનો કાર ઉત્પાદન અને એન્જિન અંગેનો પ્લાન્ટ ગુજરાતમાં સાણંદ ખાતે સ્થાપવાની જાહેરાત કરી છે. રાજ્યમાં ટાટા-નેનો પ્રોજેક્ટને બંગાળમાંથી લાવીને સાણંદમાં સ્થાપ્યા બાદ ગુજરાતમાં અન્ય કાર નિર્માતા કંપનીઓ પોતાનો કાર પ્લાન્ટ સ્થાપવા માટે આતુર બની છે. તાજેતરમાં ફ્રાન્સની કાર ઉત્પાદક કંપની પ્યુજોના અધિકારીઓએ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને મળીને ગુજરાતમાં **(જુઓ પાનું ૧૦)**

### દ્વિચક્રી વાહન ઉત્પાદકોને પણ ગુજરાતમાં રસ ! હિરો હોન્ડા સજ્જ

ગાંધીનગર,તા. ૨૯: ગુજરાતમાં મૂડીરોકાણ માટે માત્ર ચાર પૈડાવાળા જ નહીં પરંતુ બે પૈડાવાળાના ઉત્પાદકોએ પણ રસ દાખવ્યો છે. જનરલ મોટર્સ પછી ટાટા-નેનો અને હવે ફોર્ડ કંપની આવતા ગુજરાત વૈશ્વિક નકશામાં ઓટો હબ તરીકે ઉભરી ચૂક્યું છે. દેશ અને દુનિયાભરની ઓટો કંપનીઓ પોતાનો પ્લાન્ટ સ્થાપવા આતુર બની છે. પ્યુજો, **(જુઓ પાનું ૧૦)**


ADMISSION OPEN
MBA
M. 090990 63323, 099099 91705
PHARMACY
M. 090990 63134, 085111 57190
Scholarship for Meritorious Students up to 30%
K.N.V. Insti. of Busi. Mgt.
KNV Pharmacy College
Appr. by AICTE & Govt. of Guj. Affiliated with GTU
KNV Campus, Metoda, Rajkot



વિકલાંગ વ્યકિતઓનાં
સશક્તિકરણ માટે રાષ્ટ્રીય પુરસ્કાર-૨૦૧૧
અંગેની
અરજીઓ માંગવામાં આવે છે

ઉપરોકત રાષ્ટ્રીય પુરસ્કાર દર વર્ષે ૩જી ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય વિકલાંગજન દિવસ નિમિત્તે પ્રદાન કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૧માં નિમ્નલિખીત શ્રેણી અંતર્ગત પુરસ્કાર પ્રદાન કરવામાં આવશે.

શ્રેણી

(૧) સર્વશ્રેષ્ઠ વિકલાંગ કર્મચારી/સ્વયંરોજગાર વિકલાંગ વ્યકિત.
(૨) વિકલાંગ વ્યકિતઓના પુનર્વસન માટેના શ્રેષ્ઠ કર્મચારી, અધિકારી તથા એજન્સી.
(૩) વિકલાંગ વ્યકિતઓના હિત માટે કાર્ય કરતી સર્વશ્રેષ્ઠ વ્યકિત (વ્યાવસાયિક સહિત) તથા સર્વશ્રેષ્ઠ સંસ્થા.
(૪) રોલ મોડલ પુરસ્કાર.
(૫) વિકલાંગ વ્યકિતઓના જીવનમાં સુધારણા લાવવા માટે સર્વશ્રેષ્ઠ પ્રકારે સંસાધન/શોધ/ઉત્પાદન વિકાસની પ્રવૃત્તિ કરનાર.
(૬) વિકલાંગ વ્યકિતઓ માટે મુશ્કેલીરહીત વાતાવરણનું નિર્માણ માટેની શ્રેષ્ઠ કામગીરી.
(૭) પુનર્વસનને લગતી સેવાઓ પુરી પાડનાર સર્વશ્રેષ્ઠ જિલ્લો.
(૮) સેરીબ્રલ પાલ્સી, માનસિક મંદબુદ્ધિ તથા વધુ પ્રમાણમાં વિકલાંગતા ધરાવતી વ્યકિતઓના કલ્યાણ માટે રાષ્ટ્રીય સ્તરે કાર્ય કરતી સ્થાનિક સ્તરની શ્રેષ્ઠ સમિતિ.
(૯) રાષ્ટ્રીય વિકલાંગ સહાય અને વિકાસ નિગમની સર્વશ્રેષ્ઠ રાજ્ય સંચાલક એજન્સી.
(૧૦) શ્રેષ્ઠ સર્જનશક્તિ ધરાવતી વિકલાંગ યુવાન વ્યકિત.
(૧૧) સર્વશ્રેષ્ઠ સર્જનશક્તિ ધરાવતી વિકલાંગ બાળક/બાળકી.
(૧૨) ઉત્તમ બ્રેઈલ મુદ્રણાલય તેમજ
(૧૩) વિકલાંગ વ્યકિતઓને લગતી સર્વશ્રેષ્ઠ વેબસાઈટ.

અરજી કરવાની રીત:

(૧) નિયત પાત્રતા ધરાવતી વ્યકિતઓ, સંગઠનો અને સંસ્થાઓ તરફથી અરજીઓ માંગવામાં આવે છે. અરજી માત્ર હિન્દી કે અંગ્રેજી ભાષામાં હોવી જોઈએ. પુરસ્કારની ઉપરોકત શ્રેણીઓ માટેની પ્રત્યેક લાયકાત મુકરર કરી છે તથા રાષ્ટ્રીય પુરસ્કાર, ૨૦૧૧ની યોજનાની સવિસ્તાર જાણકારી મંત્રાલયની વિકલાંગજન અનુરૂપ વેબસાઈટ (www.socialjustice.nic.in) ઉપર જોઈ શકાય છે.
(૨) કેન્દ્ર/રાજ્ય સરકાર/ સંઘશાસીત પ્રદેશ સત્તાધિકારી/સાર્વજનિક ક્ષેત્રના ઉપક્રમોમાં નોકરી કરતી વિકલાંગ વ્યકિતઓએ પોતાની અરજી મંત્રાલય/વિભાગ/રાજ્ય સરકાર/સંઘશાસીત રાજ્ય ક્ષેત્રનાં સત્તાધિકારી/સાર્વજનિક ક્ષેત્ર ઉપક્રમના માધ્યમ દ્વારા જે તે સરકાર/સત્તાધિકારી/ઉપક્રમના સક્ષમ અધિકારીની સંપૂર્ણ ભલામણ સાથે નિયત નમૂનામાં (હિન્દી કે અંગ્રેજીમાં) મોકલવાની રહેશે.
(૩) અન્ય કિસ્સામાં (સ્વયં રોજગાર સંગઠનો/અસંગઠિત ક્ષેત્રમાં નોકરી કરતી વ્યકિતઓ તથા ખાનગી ક્ષેત્રની વ્યકિતઓ સહિત) પોતાની અરજીમાં નીચે દર્શાવેલ કોઈપણ એક માધ્યમ દ્વારા અને ભલામણ સહિત અરજી પહોંચાડવાની રહેશે.
* સંબંધીત રાજ્ય સરકાર/સંઘશાસીત પ્રદેશના વિકલાંગ વ્યકિતઓના મામલે કામગીરી કરે છે તેવું ખાતું.
* વિકલાંગ પુનનિર્માણ વિષયક કે પ્રદેશ સંબંધીત કેન્દ્રીય મંત્રાલય/ખાતું.
* વિકલાંગ પુનર્વસન સંબંધીત રાષ્ટ્રીય સંસ્થા (સામાજિક ન્યાય અને અધિકારીતા અથવા આરોગ્ય તથા પરિવાર કલ્યાણ મંત્રાલયોને આધીન)
* અરજદાર વ્યકિત/સંસ્થા રહેતી હોય તે જિલ્લાના કલેકટર.
* અગાઉ વિકલાંગજન સશક્તિકરણ રાષ્ટ્રીય પુરસ્કાર મેળવેલ હોય તેવી વ્યકિત.
(૪) ઉપરોકત ક્રમ (૨) અને (૩)માં દર્શાવ્યા પ્રકાર સિવાયની અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં.

(૫) નિયત નમૂનામાં અરજીની સાથે નીચે દર્શાવેલ બીડાણો સામેલ કરવાના રહેશે :
* પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ (વ્યકિતઓના કિસ્સામાં)
* સિદ્ધિઓની વિગત સાથેનો સંપૂર્ણ બાયો-ડેટા તથા તેને લગતા દસ્તાવેજી પુરાવા તેમજ
* પ્રશસ્તિપત્રનું વિવરણ (એક પાનાથી વધુ નહીં)

લાયકાત:

ઉપરોકત તમામ શ્રેણીઓ અંગેના પુરસ્કાર માટે નિર્દિષ્ટ પાત્રતા તથા રાષ્ટ્રીય પુરસ્કાર, ૨૦૧૧ની સંપૂર્ણ માહિતી મંત્રાલયની વેબસાઈટ (www.socialjustice.nic.in) ઉપરથી જોઈ શકાશે.

અરજીની છેલ્લી તારીખ

નિયત નમૂનામાં ભલામણો અને દરેક રીતે સંપૂર્ણ કરેલી અરજી સેકશન ઓફિસર (ડીડી-૪), સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, રૂમ નં. ૨૪૨, બીજો માળ, 'એ' વિંગ, શાસ્ત્રી ભવન, નવી દિલ્હી-૧૧૦ ૦૦૧ને સંબોધીને ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૧ સુધીમાં પહોંચે તે રીતે મોકલવાની રહેશે. છેલ્લી તારીખ પછી મળેલી અને/અથવા નિર્દિષ્ટ અધિકારી/વ્યકિતની ભલામણ વિનાની અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.

સત્યમેવ જયતે
ભારત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય

davp 38101/13/0019/1112